| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૧૨/૧૧/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર




શુભ દિપાવલી

Happy Diwali




### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૫૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, ૦૫ લીટર દેશી દારૂ, ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયરટીન અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૫૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૮૫૩/૨૦૨૩

**ખોખરા:** હર્ષીલભાઇ રાજેન્દ્રભાઇ ઠાકર (ઉ.વ.૩૨)(રહે.બાજખેડાવાળ સોસાયટી, અ.મ્યુ.કો.શાળા નંબર-૧૦ ની બાજુમા મણીનગર પુર્વ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૩ ના કલાક ૧/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ હર્ષીલભાઇના ઘરમાં પ્રવેશ કરી, સોનાનુ મંગળસુત્ર નંગ-૩ કિંમત રૂપિયા ૧,૪૩,૦૦૦/-, સોનાની વીંટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૩,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, સ્માર્ટ વોચ કિંમત રૂપિયા ૧૦૦૦/- તેમજ સાહેદ જીતેન્દ્રભાઇ જગદીશભાઇ ગુપ્તા (રહે.મ.નં૦૩ ચા-વાળા સોસાયટી, મ્યુ.ગાર્ડન પાસે મણીયાસા ખોખરા) નાઓના ઘરમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/-. મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી બંને મકાનમાંથી કુલ રૂપિયા ૧,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૨૦૨૩**

**ચાંદખેડાઃ** દક્ષાબહેન પ્રકાશભાઇ દવે (ઉ.વ.૬૫)(રહે.રીફ્લેક્શન બાય પેસીફીકા વૈષ્ણોદેવી સર્કલ પાસે ત્રાગડ રોડ ચાંદખેડા) તા.૦૮/૧૧/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામા રસોઈ બનાવતા હતા ત્યારે આકસ્મિક રીતે તેમણે પહેરેલ દુપટ્ટો સળગી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને કે.ડી.હોસ્પિટલમા દાખલ કર્યા હતા. જેમનુ સારવાર દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગે મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૫/૨૦૨૩**

**ઇસનપુરઃ** જુલફકારઅહેમદ સ/ઓ મોહમદસાદીક અંસારી (ઉ.વ.૪૧)(રહે.ફરીદ શેઠની ચાલી ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી